અનુસંધાન ... પાના પહેલાનું

અમેરિકાએ ઈરાનના...

ઈરાનના બે ઓઈલ ટેન્કરો કાયમી ધોરણે ક્ષતિગ્રસ્ત થઈ ગયા છે અને ત્રીજું ટેન્કર, જે ખાલી હતું, તે નષ્ટ થઈ ગયું છે. અમેરિકી નિવેદનમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે આ ટેન્કરો એક શેડો નેટવર્કનો ભાગ હતા જે ઈરાનની શક્તિશાળી રિવોલ્યુશનરી ગાર્ડ અને પ્રદેશમાં તેના સશસ્ત્ર પ્રોક્સી જૂથોને ફંડિંગ પૂરું પાડવામાં મદદ કરતા હતા. આ અંગે ઈરાન તરફથી તરત જ કોઈ પ્રતિક્રિયા આવી ન હતી. દરમ્યાન, અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ગઈકાલે જણાવ્યું હતું કે પોતે ઉપપ્રમુખ વાન્સની એ વાત સાથે સહમત થાય છે કે ચાલુ બંધ થયા કરતી આ લડાઈ કંઈ યુદ્ધ નથી. ટ્રમ્પે કહ્યું હતું કે હું તેને લશ્કરી સંઘર્ષ માનું છું, અમારા માટે તે મામૂલી બાબત છે એમ ટ્રમ્પે કહ્યું હતું.

અનેક રાજ્યોમાં...

ટર્મિનલ 3 પર ભારે પાણી ભરાયાના અહેવાલ મળ્યા હતા. ઈન્ડિગો એરલાઇન્સે બાદમાં સંભવિત વિલંબ માટે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી હતી. પાડોશી શહેર ગુરુગ્રામ પણ વરસાદને કારણે ભરાયેલા પાણીથી પ્રભાવિત થયું હતું, જેનાથી શહેરની સામાન્ય ગતિ થંભી ગઈ હતી. ઉત્તર પ્રદેશમાં છેલ્લા 24 કલાકમાં ઘણા સ્થળોએ વરસાદ અને વાવાઝોડું જોવા મળ્યું હતું, જેમાં મોરાદાબાદમાં સૌથી વધુ 65.2 મીમી વરસાદ નોંધાયો હતો. IMD એ આગામી 24 કલાકમાં સમગ્ર ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે. રાજસ્થાનમાં, પૂર્વ વિસ્તારના ભાગોમાં ભારે વરસાદ થયો હતો, જેમાં ધોલપુર જિલ્લાના સેપાઉમાં સૌથી વધુ 107 મીમી વરસાદ નોંધાયો હોવાનું હવામાન વિભાગે શનિવારે જણાવ્યું હતું. હવામાન વિભાગે તેના મોનસૂન અપડેટમાં જણાવ્યું હતું કે દૌસા, ધોલપુર, કરૌલી, સવાઈ માધોપુર, બારાંચ અને ઝાલાવાડ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ 24 કલાકથી વધુ સમય સુધી ભારે વરસાદ નોંધાયો હતો.

કાશ્મીરમાં, શનિવારે ઉધાઈવાળા વિસ્તારોમાં મોસમની પહેલી બરફવર્ષા થઈ હતી, જ્યારે મેદાની વિસ્તારોમાં ટૂંકાગાળાના વરસાદ સાથે કેટલાક સ્થળોએ કરા પડ્યા હતા, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. ગુલમર્ગ, સોનમર્ગ અને ગુમરીના પહાડી વિસ્તારોમાં આ મોસમની પહેલી બરફવર્ષા જોવા મળી હતી, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. હિમાચલમાં, રાજ્યના વિવિધ ભાગોમાં સતત વરસાદને કારણે 85 રસ્તાઓ બંધ થઈ ગયા હતા. બિહારમાં, રાજ્યમાં ભારે વરસાદ વચ્ચે શનિવારે સવારે ગંગા નદીનું જળસ્તર ગાંધી ઘાટ અને પંડારકમાં 'સૌથી ઉંચા ફ્લડ માર્ક' ને પાર કરી ગયું હતું, તેમ એક સત્તાવાર બુલેટિનમાં જણાવાયું છે. રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન વિભાગના જણાવ્યા અનુસાર, બિહારમાં અનેક નદીઓ જોખમી સપાટીથી ઉપર વહી રહી છે, તેમણે જણાવ્યું હતું કે બિહારના 11 જિલ્લાઓમાં લગભગ 10.26 લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. મધ્યપ્રદેશમાં, પશ્ચિમ મધ્યપ્રદેશને બાદ કરતા રાજ્યના લગભગ તમામ ભાગોમાં વરસાદ ચાલુ રહ્યો હતો.

જંતર-મંતર પર...

તેમજ લોકસભાના સાંસદો ચંદ્રશેખર અને પપ્પુ યાદવ સાથે નવી દિલ્હીના પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન ખાતે ભારદ્વાજની ધરપકડની માંગ સાથે વિરોધ પ્રદર્શન કર્યાના એક દિવસ પછી આવ્યો છે. જ્યારે પોલીસે ત્રણ દિવસમાં કાર્યવાહીની ખાતરી આપી હતી, ત્યારે બુલંદશહરના ધામરા નારા ગામ નજીકથી ભાગવાનો પ્રયાસ કરતી વખતે ભારદ્વાજની થોડા જ કલાકોમાં ધરપકડ કરવામાં આવી હતી. તાજેતરના એક પોડકાસ્ટમાં ભારદ્વાજે વિવાદસ્પદ દાવો કર્યો હતો કે તેણે જંતર મંતર પર ૧૪ વર્ષની દલિત પ્રદર્શનકારીના પિતાની ખોપડી ફોડી નાખી હતી. ત્યારબાદ તે ચર્ચામાં આવ્યો હતો. આ જમણેરીવાદી કાર્યકર્તાએ વધુમાં બડાઈ હાંકી હતી કે તેના રાજકીય સંબંધોને કારણે તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

પોતાના ઇન્સ્ટાગ્રામ બાયોમાં 'સ્વાતંત્ર્ય સનાતની યોદ્ધા' તરીકે ઓળખાવતા ભારદ્વાજે કહ્યું, "શું તમે જાણો છો કે આ ગુનામાં કઈ કલમ લાગે છે? કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ)... છતાં મને જેલમાં પણ ન મોકલાયો. આખી દુનિયાએ આ જાણવું જોઈએ. હું આખી રાત બહાર રખડતો હતો." આ ઘટના ૨૩ જૂને બની હતી, જ્યારે CJP પેપર લીક મામલે તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સામે જંતર મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહી હતી. FIR મુજબ, પ્રદર્શનકારીના પિતા પોતાના મોબાઈલમાં વિરોધ પ્રદર્શનનું રેકોર્ડિંગ કરી રહ્યા હતા ત્યારે ભારદ્વાજ અને તેમની વચ્ચે ઝપાઝપી થઈ હતી. તે સમયે ભારદ્વાજની થોડીવાર અટકાયત કરવામાં આવી હતી અને બાદમાં છોડી મૂકવામાં આવ્યો હતો. આ પૃષ્ઠભૂમિ વચ્ચે, કાર્યકર્તાની તાજેતરની ટિપ્પણીઓએ ભારે આક્રોશ જગાડ્યો હતો. તે જ સમયે, ૧૪ વર્ષની છોકરીએ X પર એક ભાવુક વિડીયો પણ પોસ્ટ કર્યો હતો, જેમાં તેણે દાવો કર્યો હતો કે તેને ભારદ્વાજના સમર્થકો દ્વારા ધમકીઓ મળી રહી છે. છોકરીના વિડીયો પર પ્રતિક્રિયા આપતા, CJPએ તેને ન્યાયની ખાતરી આપી હતી અને ભારદ્વાજની "ખુલ્લી કબૂલાત" છતાં તેની સામે કાર્યવાહી ન કરવા બદલ દિલ્હી પોલીસ પર પ્રહારો કર્યા હતા. લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ પ્રતિક્રિયા આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સામે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શું ભારદ્વાજને રાજકીય સંરક્ષણ મળી રહ્યું છે. ઓનલાઈન ધમકીઓ અંગે બાળકીની ફરિયાદના આધારે શુક્રવારે મોડી રાત્રે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ (POCSO) એક્ટ હેઠળ અલગ FIR પણ નોંધવામાં આવી હતી. પોતાની ટિપ્પણીઓ પર આક્રોશ વચ્ચે, ભારદ્વાજે બાદમાં મીડિયા સમક્ષ સ્પષ્ટતા કરી હતી કે તેણે આત્મરક્ષણમાં આ પગલું ભરવું પડ્યું હતું. જો કે, શુક્રવારે બપોરે બુલંદશહરથી આખરે તેની ધરપકડ કરવામાં આવી હતી. ભારદ્વાજને આજે બપોરે બે વાગ્યે એડિશન સેશન્સ જજ સૌરભ પ્રતાપ સિંહના નિવાસ સ્થાને રજૂ કરવામાં આવ્યો હતો, જેમણે તેને એક દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.

પોલીસ સ્ટેશનની...

આસપાસ વ્યૂહાત્મક સ્થળોએ બેરિકેડ ગોઠવવામાં આવ્યા છે અને અર્ધલશ્કરી દળોના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.

આકાશમાં ભારતની...

લોન્ચિંગને બિરદાવ્યું હતું. સ્પેસપોર્ટ પરથી ઉડાન ભર્યાની લગભગ 18 મિનિટ પછી સેટેલાઇટને સબ-જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટમાં સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યો હતો, તેમ ઈસરોએ જાહેરાત કરી હતી. સ્પેસ એજન્સીએ તે અટકળોને ફગાવી દીધી હતી કે EOS-05 એ એક જાસૂસી ઉપગ્રહ(સ્પાય સેટેલાઇટ) છે. જ્યારે ઘણા અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ લો અર્થ ઓર્બિટ (LEO)માંથી કાર્ય કરે છે, ત્યારે EOS-05 સેટેલાઇટ પૃથ્વીથી લગભગ 36,000 કિમીની ઊંચાઈએ સ્થિત જીઓસિંક્રોનસ ઓર્બિટમાં રહેશે. આ ઊંચાઈ પર સેટેલાઇટ પૃથ્વીની પરિભ્રમણ ઝડપ સાથે મેળ ખાશે. 2,300 કિલોગ્રામથી વધુ વજન ધરાવતો આ સેટેલાઇટ જીએસએલવી દ્વારા લઈ જવામાં આવેલો અત્યાર સુધીનો સૌથી ભારે સેટેલાઇટ છે અને તે તેના નિર્ધારિત માર્ગ પર સંપૂર્ણ રીતે આગળ વધી રહ્યો હતો. અગાઉની કેટલીક નિષ્ફળતાઓ પછી આ મિશનની સફળતા ચોક્કસપણે એક મનોબળ વધારનારી સાબિત થઈ છે. ઈસરો વડા વી. નારાયણને ખુશી વ્યક્ત કરતા કહ્યું, "મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે GSLV F-17 વાહને અત્યાધુનિક EOS-05 જીઓ ઈમેજિંગ સેટેલાઇટને નિર્ધારિત અને જરૂરી ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક અને ચોક્કસ રીતે પહોંચાડ્યો છે." તેમણે ઉમેર્યું કે એકવાર EOS-05 ભ્રમણકક્ષામાં સક્રિય થઈ જશે, તે જિયો-ઓર્બિટમાંથી દેશ માટે "વ્યૂહાત્મક રેટા" આપનારો ભારતનો પ્રથમ સમર્પિત ઈમેજિંગ સેટેલાઇટ બની જશે.

સુભાષ ચંદ્રા સામે...

ચંદ્રા દ્વારા પૂરા પાડવામાં આવેલા નેટવર્થ સર્ટિફિકેટ્સ અને પર્સનલ ગેરંટીના આધારે જ બે લોન મંજૂર અને વિતરિત કરવામાં આવી હતી. FIR માં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ચંદ્રાએ ચાર ઉધારકર્તા અને સહ-ઉધારકર્તા કંપનીઓ અને તેમના અધિકારીઓ સાથે સાઠગાંઠ કરીને ખોટા અને વધારીને બનાવાયેલા દસ્તાવેજો રજૂ કર્યા હતા અને LICHFLને લોન આપવા માટે પ્રેરિત કરી હતી. તેમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરોપીઓએ ભંડોળનો દુરુપયોગ કર્યો હતો અને ધિરાણકર્તાના વિશ્વાસનો ભંગ કર્યો હતો, જેના પરિણામે 2018 થી 2026 વચ્ચે રૂ. 1,322 કરોડથી વધુનું નુકસાન થયું હતું.

ચંદ્રાની ગેરંટીના આધારે...

ચંદ્રાની નેટવર્થ રૂ. 59,113 કરોડ દર્શાવવામાં આવી હતી. રૂ. 480 કરોડની બીજી સુવિધા ડિજિટલ સબ્સ્ક્રાઇબર મેનેજમેન્ટ એન્ડ કન્સલ્ટન્સી સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડને આપવામાં આવી હતી, જેમાં સ્પિરિટ ઇન્ફ્રા પાવર એન્ડ મલ્ટી વેન્ચર્સ પ્રાઇવેટ લિમિટેડ સહ-ધિરાણ લેનાર તરીકે હતી. તે રેન્ટલ સિક્યોરિટાઇઝેશન સ્કીમ હેઠળ મંજૂર કરવામાં આવી હતી અને તે ચંદ્રાની ગેરંટી દ્વારા પણ સમર્થિત હતી. LICHFLએ જણાવ્યું હતું કે બીજી લોન આંશિક રીતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ MPJ & Co દ્વારા 6 જુલાઈ, 2018 ના રોજ જારી કરાયેલા અન્ય સર્ટિફિકેટના આધારે મંજૂર કરવામાં આવી હતી, જેમાં ચંદ્રાની નેટવર્થ રૂ. 40,562 કરોડ દર્શાવવામાં આવી હતી. એફઆઈઆર મુજબ, ચંદ્રાએ બાદમાં ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરૂપ્સી કોડ હેઠળની કાર્યવાહી દરમિયાન સર્ટિફિકેટ્સમાં દર્શાવેલા નેટવર્થના આંકડાઓને ફગાવ્યા હતા. તેમણે કથિત રીતે કહ્યું હતું કે 2024 માં તેમની નેટવર્થ રૂ. 31.79 કરોડ હતી અને 2017-18 માં તે રૂ. 40,000 કરોડથી વધુ નહોતી.

સુશાંત સિંહ રાજપૂતની મેનેજર દિશા સાલિયનના મૃત્યુનાં છ વર્ષ પછી CBI તપાસ કેમ?

બોમ્બે હાઈકોર્ટે સુશાંત સિંહ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર દિશા સલિયનના કેસમાં સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો છે, જેને કારણે આદિત્ય ઠાકરે, સૂરજ પંચોલી અને દિનો મોરિયાની ચિંતા વધી ગઈ છે, કારણ કે દિશા સાલિયનના પિતા અને અરજદાર સતીશ સાલિયનના આક્ષેપ મુજબ દિશા સાલિયન ઉપર બળાત્કાર કરીને તેની હત્યા કરવામાં આવી હતી અને તેમાં ઉપરના ત્રણેય નબીરાઓની સક્રિય ભૂમિકા હતી. જો સીબીઆઈ આ કેસમાં પ્રામાણિકતાથી તપાસ કરશે તો તેને કારણે સુશાંત સિંહ રાજપૂતના હત્યા કેસમાં પણ ચોંકાવનારી વિગતો બહાર આવી શકે છે, કારણ કે સતીશ સાલિયનના આક્ષેપ મુજબ સુશાંત સિંહ રાજપૂતને દિશા સાલિયનની હત્યાની જાણકારી મળી જતાં તેની પણ હત્યા કરી નાખવામાં આવી હતી.

દિશા સાલિયન એક સેલિબ્રિટી મેનેજર હતી અને થોડા સમય માટે સ્વર્ગસ્થ અભિનેતા સુશાંત સિંહ રાજપૂત માટે કામ કરતી હતી. ૮ જૂન, ૨૦૨૦ ના રોજ રાત્રે મુંબઈના મલાડ વિસ્તારમાં એક બહુમાળી ઇમારત પરથી પડી જવાથી દિશાનું મૃત્યુ થયું હતું. પોલીસે આ કેસને અકસ્માત મૃત્યુ અહેવાલ (ADR) તરીકે નોંધ્યો હતો અને ત્યાર બાદની તપાસમાં કોઈ ગેરરીતિ કે ગેરરીતિના પુરાવા મળ્યા ન હતા. કહેવાય છે કે તે સમયે ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી હોવાથી તેમના પુત્ર આદિત્ય ઠાકરેની સંડોવણીના પુરાવાઓનો નાશ કરવામાં આવ્યો હતો, જેમાં તત્કાલીન પોલીસ કમિશનર પરમવીર સિંહ અને ઇન્સ્પેક્ટર સચિન વાઝેએ ભૂંડી ભૂમિકા ભજવી હતી. સચિન વાઝે તો બરતરફ થઈ ગયો હતો તો પણ તેને પાછો ફરજ પર લઈને આ કેસની તપાસ સોંપવામાં આવી હતી. દિશાના મૃત્યુના એક અઠવાડિયા પછી, ૧૪ જૂન, ૨૦૨૦ ના રોજ સુશાંત સિંહ રાજપૂતનું પણ શંકાસ્પદ સંયોગોમાં અવસાન થયું હતું, જેના કારણે બંને કેસ અંગે અનેક અટકળો થઈ રહી હતી. હવે, દિશાના પિતા સતીશ સાલિયનની અરજીને પગલે બોમ્બે હાઈ કોર્ટે કેસની પરિસ્થિતિઓની નવેસરથી તપાસ કરવાનો અને FIR નોંધવા માટે એક વરિષ્ઠ CBI અધિકારીની નિમણૂક કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. હવે મહારાષ્ટ્રમાં અને કેન્દ્રમાં પણ ભાજપના મોરચાની સરકાર હોવાથી આ કેસની તટસ્થ જાંચ કરવામાં આવશે, તેવું જણાય છે.

દિશાના પિતા સતીશ સાલિયાને બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને આરોપ લગાવ્યો હતો કે તેમની પુત્રીનું મૃત્યુ કોઈ સામાન્ય આત્મહત્યા કે અકસ્માત નથી. અભિનેતા સુશાંત સિંહ રાજપૂત સાથે કામ કરનાર દિશાને કેટલાક પ્રભાવશાળી લોકોની વાંધાજનક પ્રવૃત્તિઓ વિશે ખબર પડી હતી, જેના કારણે પ્રભાવશાળી લોકોએ તેની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. પિતાનો આરોપ છે કે દિશાની હત્યા કરતાં પહેલાં તેની સાથે સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો અને કેટલાક પોલીસ અધિકારીઓએ વાસ્તવિક પુરાવાનો નાશ કર્યો હતો અને ખોટી વાર્તા બનાવી હતી.

ન્યાયાધીશ સારંગ વી. કોટવાલ અને રણજીત સિંહા રાજા ભોસલેની ડિવિઝન બેન્ચે રાજ્ય સરકારની દલીલોને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે સીઆરપીસીની કલમ ૧૭૪ હેઠળ કરવામાં આવેલી તપાસ આ કેસ માટે સંપૂર્ણપણે અપૂરતી હતી. કોર્ટે પોલીસના વર્ણનમાં ઘણી ખામીઓ તરફ ધ્યાન દોર્યું હતું, જે કેસને શંકાસ્પદ બનાવે છે. કોર્ટે સૌપ્રથમ પોલીસ તપાસના સમયરેખા અને ગુના સ્થળના નિરીક્ષણ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટપણે દેખાય છે કે ઘટના પછી તરત જ, રાત્રે ૧:૦૦ થી ૨:૧૪ વાગ્યાની વચ્ચે, દિશા સાલિયન જે ફ્લેટમાંથી કૂદી પડી હતી ત્યાં પોલીસ અધિકારીઓ હાજર હતા, તો પણ પોલીસે તે સમયે પંચનામું કર્યું ન હતું. ઘટનાના લગભગ નવ કલાક પછી, સવારે ૯:૪૦ વાગ્યે પંચનામા પૂર્ણ થયું હતું. કોર્ટે પૂછ્યું કે તે રાત્રે પોલીસ ઘટનાસ્થળે શું કરી રહી હતી અને શા માટે કોઈ સત્તાવાર રેકોર્ડ રાખવામાં આવ્યો ન હતો.

પોલીસે દાખલ કરેલા અકસ્માત મૃત્યુ અહેવાલ (ADR) ના સમય અંગે પણ પ્રશ્નો ઊભા થયા હતા. ADR સવારે ૩:૦૭ વાગ્યે નોંધવામાં આવ્યો હતો, જેમાં જણાવાયું હતું કે મૃતકના માતા-પિતાનાં નિવેદનો નોંધવામાં આવ્યાં છે અને તેમને કોઈ પર શંકા નથી. જોકે, પિતાના પોતાના નિવેદન મુજબ તેમને સવારે ૩:૦૦ વાગ્યે પોલીસનો ફોન આવ્યો અને તેઓ સવારે ૪:૦૦ વાગ્યે હોસ્પિટલ પહોંચ્યા, જ્યાં તેમને તેમની પુત્રીના મૃત્યુની જાણ થઈ. કોર્ટે પ્રશ્ન કર્યો કે સવારે ૪ વાગ્યે હોસ્પિટલમાં પહોંચેલા પિતાના નિવેદનને ૩:૦૭ વાગ્યે દાખલ કરાયેલા રિપોર્ટમાં કેવી રીતે ટાંકી શકાય? કોર્ટે ઘટનાસ્થળ અને પુરાવા અંગે પોલીસના દાવાઓ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. દિશા સાલિયનના મિત્રોએ પોલીસને જણાવ્યું હતું કે તેણીએ પોતાને માસ્ટર બેડરૂમમાં બંધ કરી દીધી હતી અને તેના મંગેતરે બળજબરીથી દરવાજો ખોલ્યો હતો. કોર્ટે પૂછ્યું કે જો દરવાજો બળજબરીથી ખોલવામાં આવ્યો હોય તો શું તાળાં કે દરવાજાને નુકસાનના કોઈ સંકેતો હોવા જોઈએ કે નહીં? જોકે, પોલીસ રિપોર્ટમાં આવા કોઈ નુકસાનનો ઉલ્લેખ નથી. વધુમાં, ૧૨મા માળેથી પડી જવા છતાં પોલીસને ઘટનાસ્થળે કોઈ લોહી મળ્યું નહીં. જોકે, બે પ્રત્યક્ષદર્શીઓએ ધડાકાનો અવાજ સાંભળ્યો હતો અને મહિલાના માથામાંથી લોહી નીકળતું જોયું તેવું જણાવ્યું હતું.

કોર્ટે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ફોરેન્સિક તપાસમાં ખામીઓ પણ નોંધી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ, ૧૨મા માળેથી નીચે પડી જવા છતાં, દિશા સાલિયનના ચહેરા પર ફક્ત એક સેન્ટિમીટર લાંબો ઘા હતો. તેના ચહેરા કે નાકમાં કોઈ હાડકાં તૂટ્યા ન હતા. ન્યાયાધીશોએ કહ્યું કે આટલી ઊંચાઈ પરથી પડ્યા પછી ચહેરાનું એક પણ હાડકું તૂટશે નહીં તે સ્વીકારવું ખૂબ મુશ્કેલ છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ના કેમિકલ વિશ્લેષકે પોતે પોલીસને પત્ર લખીને શંકા વ્યક્ત કરી હતી કે આટલી ઊંચાઈથી પડી જવાથી કપડાંમાં જેટલું લોહી હોવું જોઈએ તેટલું ઓછું હતું. ત્યારબાદ પોલીસે પોસ્ટમોર્ટમ કરનારા ડોક્ટરને પત્ર લખીને પૂછ્યું કે શરીરને કપડાંથી કેમ ઢાંકવામાં આવ્યું નથી. કોર્ટે આ બાબતમાં વાંધો ઉઠાવ્યો અને કહ્યું કે આ ખૂબ જ આશ્ચર્યજનક છે, કારણ કે પોલીસે પોતે ઘટના સ્થળેથી મૃતકનાં કપડાં જપ્ત કરવાનું પંચનામું બનાવ્યું હતું, જ્યારે પોલીસે પોતે જ કપડાં જપ્ત કર્યાં હતાં, તો પછી તેઓ ડોક્ટરને આ પ્રશ્ન કેમ પૂછી રહ્યા હતા.

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

જાતીય હુમલાના આરોપોને ધ્યાનમાં રાખીને કોર્ટે ફોરેન્સિક તપાસમાં થયેલી મોટી ભૂલને પણ હાઈ કોર્ટે ગંભીરતાથી લીધી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં જણાવાયું હતું કે યોનિમાર્ગના સ્વેબ અને ગુદાના સ્વેબ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા, પરંતુ ફોરેન્સિક લેબને પરબિડીયાંની અંદર સ્લાઇડ પર સ્મીયર મળ્યું.

જ્યારે લેબે આ અંગે પ્રશ્ન કર્યો ત્યારે મેડિકલ ઓફિસરે જવાબ આપ્યો કે ફોર્મ પર ભૂલથી સ્વેબ લખાઈ ગયું હતું. વધુમાં, દિશા સાલિયનનો લેપટોપ અને મોબાઇલ ફોન આ કેસમાં સૌથી મહત્ત્વપૂર્ણ ઇલેક્ટ્રોનિક પુરાવા હતા, તે ઘટનાના દિવસે જપ્ત કરવામાં આવ્યા ન હતા. તે ઘણા દિવસો પછી દિશા સાલિયનના મંગેતર પાસેથી જપ્ત કરવામાં આવ્યા હતા. આ બધી ખામીઓને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે કહ્યું કે કોર્ટ નાની સુનાવણી નથી કરી રહી, પરંતુ સંજોગો એટલા શંકાસ્પદ છે કે FIR નોંધ્યા વિના સત્ય બહાર આવી શકતું નથી.

હાઈકોર્ટે નિર્દેશ આપ્યો કે સીબીઆઈના મુંબઈ ક્ષેત્રના પ્રભારી અધિકારી આ કેસ માટે એક અનુભવી અને વરિષ્ઠ તપાસ અધિકારીની નિમણૂક કરે. આ અધિકારી સતીશ સાલિયનનું નિવેદન નોંધશે અને તાત્કાલિક એફઆઈઆર નોંધશે. મુંબઈના માલવણી પોલીસ સ્ટેશનના અધિકારીઓને કેસ સંબંધિત તમામ દસ્તાવેજો અને પુરાવા સીબીઆઈને સોંપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જોકે, કોર્ટે અરજદારની હાઇકોર્ટની દેખરેખ હેઠળ તપાસની વિનંતીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે સીબીઆઈની નિષ્પક્ષતા પર શંકા કરવાનું કોઈ કારણ નથી. તેમણે તપાસ એજન્સીને પીડિત પરિવાર સાથે સંવેદનશીલતાથી વર્તવાનો પણ નિર્દેશ આપ્યો. આદેશ પછી સતીશ સાલિયને કહ્યું કે તેમને સત્યના વિજયની ભેટ આપવામાં આવી છે. પોતાના લાંબા સંઘર્ષ વિશે વાત કરતાં તેમણે કહ્યું કે તેમણે ઘણાં વર્ષો સુધી માનસિક ત્રાસ સહન કર્યો હતો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

દિશાના પિતા સતીશ સાલિયાને બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને આરોપ લગાવ્યો હતો કે તેમની પુત્રીનું મૃત્યુ કોઈ સામાન્ય આત્મહત્યા કે અકસ્માત નથી, પણ તેની હત્યા થઈ છે

સિહાંસન માટેની તીવ્ર લડાઈ


મિરઝાપુર (ધ મુવી)
પંકજ ત્રિપાઠી, કાલીન ભૈયા
૧૨.૧૫, ૩.૪૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦
એક્શન થ્રીલર

ટોક્સિક
યશ, કિયારા અડવાણી, નયનતારા
બે શો : ૧૨.૩૦, રાત્રે ૧૦.૦૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઓન લાઈન જાહેર નિવિદા નં.ટી.સી./૦૪ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, ગોધરા વિદ્યુત (મા અને મ) વિભાગ,જુની ગેરી, પહેલો માળ, સિવિલ લાઇન્સ, ગોધરા-૩૮૯૦૦૧ ની કચેરી દ્વારા ગુજરાત રાજ્યના વિદ્યુત (મા અને મ) વિભાગની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા અનુભવી તથા નિષ્ણાત ઇજારદારશ્રીઓ પાસેથી ૦૭ (સાત) કામ માટે કે જેની અંદાજિત રકમ રૂા.૨૩૪.૨૮ લાખ છે. તેના માટે ઓનલાઇન ટેન્ડર (ઇ-ટેન્ડર સીસ્ટમથી) મંગાવવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ કરવાની તથા ટેન્ડરમાં ભાવો ભરીને ઓન લાઇન ટેન્ડર મોકલવાની છેલ્લી તા.૨૧-૦૯-૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાક સુધી રાખવામાં આવેલી છે. જ્યારે ટેન્ડર તા.૨૧-૦૯-૨૦૨૬ નાં રોજ બપોરના ૧૨:૧૦ કલાકે વિદ્યુત વર્તુળ, વડોદરા ખાતે અનુ નં-૧ નું કામ જ્યારે બાકીના કામો ગોધરા વિદ્યુત વિભાગ, ગોધરા ખાતે કામ ખોલવામાં આવશે. આ કામની વિગતવાર નિવિદા આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. વધુ માહિતી માટે જાહેર રજાના દિવસ સિવાય આ કચેરીનો સંપર્ક સાધવા વિનંતી. ટેન્ડર નોટીસ વેબસાઇટ www.tender.nprocure.com પરથી ડાઉન લોડ કરી મેળવી શકાશે તથા www.Statetenders.gujarat.gov.in પર જોઇ શકાશે.

(માહિતી/ગોધરા/૪૭૧/૨૬)

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
નવસારી શહેરી વિભાગીય કચેરી, બનાતવાલા સ્કૂલ ની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી-૩૯૬૪૪૫
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)
વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું નીચે જણાવેલ ફીડરો ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી નીચે આપેલ તારીખ અને સમયે વીજ પુરવઠો મળી શકશે નહી. જેની અમારા માનવંતા ગ્રાહકોને નોધ લેવા વિનંતી છે. સમારકામ પુર્ણ થયેથી કોઇપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનતી.

અંન	સબ-સ્ટેશન	ફીડરનું નામ	સબ-ડીવીઝન	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ /વાર	સમય
૧	૬૬ કે.વી. નવસારી સીટી	૧૧ કે.વી. દાંડીવાડ	નવસારી વેસ્ટ	૮૯૮૦૮૦૩૯૫૯	૦૭.૦૯.૨૦૨૬	૮:૦૦ થી ૩:૦૦
૨	૬૬ કે.વી. નવસારી સીટી	૧૧ કે.વી અગ્યારી	નવસારી વેસ્ટ	૮૯૮૦૮૦૩૯૫૯	૦૭.૦૯.૨૦૨૬	૮:૦૦ થી ૩:૦૦
૩	૬૬ કે.વી. નવસારી સીટી	૧૧ કે.વી સ્ટેશન રોડ	નવસારી વેસ્ટ	૮૯૮૦૮૦૩૯૫૯	૧૨.૦૯.૨૦૨૬	૮:૦૦ થી ૩:૦૦
૪	૬૬ કે.વી. નવસારી સીટી	૧૧ કે.વી કોર્ટ	નવસારી ઇસ્ટ	૯૮૭૯૨૦૧૦૭૭	૧૦.૦૯.૨૦૨૬	૭:૦૦ થી ૧૦:૦૦
૫	૬૬ કે.વી. કબીલપોર	૧૧ કે.વી. સી.આર. પાટીલ સંકુલ	નવસારી ઇસ્ટ	૯૮૭૯૨૦૧૦૭૭	૧૦.૦૯.૨૦૨૬	૭:૦૦ થી ૧૨:૦૦

ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો
કાર્યપાલક ઇજનેર (સં અને નિ)નવસારી. શહેરી વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ
કાર્યપાલક ઈજનેર સં.અને.નિ, ઓલપાડ વિભાગીય કચેરી, સુરત
ઉત્રાણ પાવર હાઉસ